# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

---

- **રાજયમાં અનેક શહેરોમાં ગરમીનો પારો 45 ડિગ્રી સેલ્સિયસને પાર : 45.5 ડિગ્રી સેલ્સિયસ સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર**
- **ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાંથી રૂ. 1461 કરોડ 73 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો.**
- **ઠંડા પીણાની ઉત્પાદક હિંદુસ્તાન કોકાકોલા કંપનીને શંકાસ્પદ ખાદ્ય સામગ્રી બદલ રૂ. 15 લાખનો દંડ ફટકારવામાં આવ્યો.**
- **FDCA એ કરાયેલી તપાસમાં છેલ્લા દસ મહિનામાં બે કરોડ 38 લાખનું નકલી દૂધ અને તેની બનાવટો જપ્ત**
- **આવકવેરા વિભાગ દ્વારા વડોદરા અને અમદાવાદમાં બે બાંધકામ ક્ષેત્રના ગ્રુપના 27 સ્થળો પર દરોડા.**
- **કોર્પોરેટ બાસ્કેટબોલ લીગની સીઝન-3નો ગઇકાલે અમદાવાદ ખાતે પ્રારંભ**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# WEATHER Heat

રાજ્યમાં ફરી એક વાર તીવ્ર ગરમીનું મોજું ફરી વળ્યું છે. છેલ્લાં 24 કલાક 45.5 ડિગ્રી તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. બનાસકાંઠાના ડીસામાં પણ 45 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ અને પાટનગર ગાંધીનગર પણ 44.5 ડિગ્રી તાપમાનમાં શેકાયું હતું.

વિક્રમ તાપમાન સાથે અમદાવાદમાં ગઇ કાલે આ સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. તો સૌરાષ્ટ્રમાં પણ તાપમાનમાં વધારો થયો હતો. રાજકોટમાં 44.5 ડિગ્રી, ભુજમાં 44.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આણંદમાં 43.5, અમરેલીમાં 43.4 અને વડોદરામાં 43.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતુ.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ માટે ભારે ગરમીની આગાહી કરી છે. વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે  જણાવ્યું હતું કે રાજ્યમાં હીટવેવની સ્થિતિ રહેશે. અમદાવાદમાં આજે અને આવતી કાલે મહત્તમ તાપમાન 42 ડિગ્રી અને 22થી 24 મે દરમિયાન 44 ડિગ્રી રહેશે.

---------------------------------------------------------------------

- હવામાન વિભાગની યાદી.. અનિલ આર પટેલ -(નવીન)

# Election Seizure

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ છે પણ હજુ આચારસંહિતાનો અમલ ચાલુ છે. ચૂંટણી પંચે શનિવારે આપેલી માહિતી મુજબ ગુજરાતમાંથી 1 હજાર 461 કરોડ 73 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જે દેશમાં કુલ જપ્તીનો 16.44 ટકા છે. જો કે આ ચૂંટણીમાં જપ્ત થયેલી રોકડ સહિતની ચીજોનું મૂલ્ય 2019ની ચૂંટણીની સરખામણીમાં 85 ટકા જેટલું ઓછું છે.

ચૂંટણી પંચે ઉમેર્યું કે, ગુપ્તચર વિભાગ આધારિત સંકલિત કાર્યવાહીના પગલે દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી વિક્રમ વસ્તુઓ જપ્ત કરાઈ છે, જેમાં ગુજરાત ૧ હજાર ૪૬૨ કરોડ રૂપિયા સાથે ટોચ પર છે.

દરમિયાન, ગુજરાત એટીએસ અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોની સંયુક્ત ટીમે લોકસભા ચૂંટણી દરમિયાન ત્રણ અભિયાન દ્વારા 892 કરોડ રૂપિયાનું ડ્રગ્ઝ પકડી પાડ્યું છે. દેશભરમાં 3 હજાર 958 કરોડ 85 લાખ રૂપિયામાંથી ગુજરાતમાં 1 હજાર 187 કરોડ 80 લાખ રૂપિયાનું ડ્રગ્ઝ ઝડપી પાડવામાં આવ્યું છે, જે કુલ જથ્થાનાં 30 ટકા જેટલું થાય છે. દેશનાં 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ચૂંટણી પંચે દેશમાં અત્યાર સુધીમાં રોકડ અને કિંમતી વસ્તુઓ સહિત કુલ ૮ હજાર ૮૮૯ કરોડ રૂપિયાની જપ્તી કરી છે, જેમાં 3 હજાર ૯૫૯ કરોડ રૂપિયાના મૂલ્યના ડ્રગ્સનો સમાવેશ થાય છે

ચૂંટણી પંચે જણાવ્યું કે, લોકસભા ચૂંટણીના બાકીના તબક્કામાં એટલે કે ૪ જૂન સુધીમાં જપ્તીનો આંકડો ૯ હજાર કરોડ રૂપિયાને પાર થઈ જવાની સંભાવના છે. ચૂંટણી પંચના અધિકારીઓએ અત્યાર સુધીમાં જે જપ્તી કરી છે તેમાં ૪૫ ટકા એટલે કે અંદાજે 3 હજાર ૯૫૮ કરોડ રૂપિયાના મૂલ્યનું ડ્રગ્સ ઝડપાયું છે.

---

- ડેસ્ક અનિલ આર પટેલ -(નવીન)

# Coca Cola Penalty

ખેડા જિલ્લાના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટરે કોલ્ડ સ્ટોરેજ લોજિસ્ટિક્સ ચેઇન અને ઠંડા પીણાની ઉત્પાદક હિંદુસ્તાન કોકાકોલા કંપનીને 15 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. 8 હજાર કિલોનો આયાતી ઓરેન્જ પલ્પ નબળી ગુણવત્તા ધરાવતો હોવાથી ફુડ એન્ડ ડ્રગ્ઝ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશને જૂન 2022માં આ કેસ નોંધ્યો હતો.

14 જૂન, 2022નાં રોજ ખેડા કચેરીના ડેઝીગ્નેટેડ ઓફિસર અને અન્ન સલામતી વિભાગનાં અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે દરોડા પાડીને શંકાસ્પદ ખાદ્ય પદાર્થના નમુના લેવામાં આવ્યા હતા. જેમાં 11 લાખ રૂપિયાની કિંમતનો આશરે 8 હજાર કિલોગ્રામનો જથ્થો  જપ્ત કરવામાં આવ્યો હતો.

આ અંગે ફુડ એન્ડ ડ્રગ્ઝ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશનના કમિશનર એચ જી કોશિયાએ આ પ્રમાણે જણાવ્યું:

(Byte: H G Koshiya)

---

- DD News.. Anil R Patel -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# FDCA

રાજયના ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર FDCA એ કરાયેલી તપાસમાં છેલ્લા દસ મહિનામાં બે કરોડ 38 લાખનું નકલી દૂધ અને તેની બનાવટો જપ્ત કરી છે.

એકત્રિત કરવામાં આવેલા નમુનામાં દસ મહિનામાં 34 હજાર 498 કિલો ભેળસેળ યુકત ઘી, એક લાખ 7 હજાર 122 કિલો ભેળસેળ યુક્ત દૂધ અને દૂધની બનાવટો જપ્ત કરવામાં આવી છે.

આ અંગે તંત્ર દ્વારા કાયદેસર કાર્યવાહી હાથ ધરાઇ છે.

---

-ડેસ્ક, સંસ્કૃતિ -(નવીન)

# INCOME TAX RAID

રાજ્યમાં મતદાન બાદ આવકવેરા વિભાગ ફરી એકવાર સક્રિય બન્યું છે. આવકવેરા વિભાગે ગઇકાલે વડોદરા અને અમદાવાદમાં બે જુદા જુદા કન્સ્ટ્રક્શન ગ્રુપના 27 સ્થળો પર દરોડા પાડ્યા છે. વિભાગને આ જૂથોની બેનામી મિલ્કતો અને ગેરકાયદેસર વ્યવહારો વિશે માહિતી મળી હતી, જેના આધારે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આવકવેરા વિભાગની ટીમે એક સાથે અમદાવાદ અને વડોદરામાં બે ગ્રુપની ઓફિસો ખુરાના ગ્રુપની ઓફિસો, ઘરો અને અન્ય સ્થળો પર દરોડા પાડ્યા હતા. કંપનીના સંચાલકો અને તેમના પરિવારના સભ્યો દ્વારા રાખવામાં આવેલી મહત્વપૂર્ણ માહિતી અને કાગળોના સંબંધમાં તપાસ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત વડોદરાના સુભાનપુરામાં આવેલી એક ગ્રુપની ઓફિસમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ગ્રુપ કન્સ્ટ્રક્શન ઉપરાંત સોલર પેનલનું કામ કરે છે. અહીંથી પણ મોટા પાયા પર બેનામી વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે.

---

-રીપીટ

# Basket ball league Ahmedabad

કોર્પોરેટ બાસ્કેટબોલ લીગ (સીબીએલ)ની સીઝન-૩નો ગઇકાલે અમદાવાદ ખાતે પ્રારંભ થયો છે. સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાના પ્રાદેશિક નિયામક મનુકાંત શર્મા અને રાજ્યપાલના એડીસી વિકાસ સુન્ડાએ કોર્પોરેટ બાસ્કેટબોલ લીગનો શુભારંભ કરાવ્યો હતો.

ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલ એસોસિએશનની માન્યતા પ્રાપ્ત કોર્પોરેટ બાસ્કેટ બોલ લીગ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બાસ્કેટ બોલ એસોસિએશનના સહયોગથી એલ.જે યુનિવર્સિટી ખાતે રમાઇ રહી છે.

બાસ્કેટબોલની રમતને પ્રોત્સાહન આપવા, ખેલાડીઓની પ્રતિભા વિકસાવવા અને બાસ્કેટબોલને વધુ લોકપ્રિય બનાવવાના ઉદ્દેશથી યોજાઈ રહેલી કોર્પોરેટ બાસ્કેટબોલ લીગમાં આઠ ફ્રેન્ચાઇઝીએ હરાજીની પ્રક્રિયા દ્વારા તેમની ટીમ બનાવી છે. કોર્પોરેટ બાસ્કેટબોલ લીગમાં સાત ટીમો વચ્ચે સ્પર્ધા યોજાઈ રહી છે. લીગ માળખામાં યોજાઈ રહેલી સ્પર્ધામાં 170 થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

---

- દૂરદર્શન ન્યૂઝ.. અનિલ આર પટેલ -(નવીન)

# Kodinar Lion

ગઇકાલે કોડીનાર જિલ્લામાં ફરી એક વાર સિંહ પરિવાર ગ્રામીણ વિસ્તારમાં આવી ચડ્યો હતો. જિલ્લાના નવા ગામે આંબાના બગીચામાં કામ કરી રહેલા યુવાન પર સિંહે હુમલો કર્યો હતો. ઇજાગ્રસ્ત યુવાનને કોડીનારની હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં વન વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે પહોચ્યા હતા. યુવાને સિંહણ સાથે બાથ ભીડીને પોતાનો જીવ બચાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે શુક્રવારે પણ સ્થાનિક કંપનીની કોલોનીમાં સિંહ પરિવાર ઘુસી આવ્યું હતું. બે સિંહબાળ પરિવારથી વિખુટું પડી જતાં વન વિભાગ દ્વારા તેમને બચાવીને સલામત જંગલમાં છોડી મૂકવામાં આવ્યા હતા.

----------------------------------------------------------------------

-પીટીસી, અનિલ આર પટેલ -(નવીન)

# GUJARATI SAHITYA PARISHAD

આધુનિક ગુજરાતી ગઝલકાર આદિલ મન્સૂરીની ૭૭મી જન્મજયંતિ નિમિત્તે અમદાવાદનાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જાણીતા કવિ રાજેન્દ્ર શુક્લ, માધવ રામાનુજ, દલપત પઢિયાર, હર્ષ બ્રહ્મભટ્ટ, રાજેશ વ્યાસ 'મિસ્કીન', કૃષ્ણ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ તમામે આદિલ મન્સૂરી સાથેના પ્રસંગો વાગોળ્યા હતા અને તેમની યાદગાર ગઝલો અને રચનાઓ રજૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમા જન્મેલા કવિ, ગઝલકાર અને નાટ્યકાર આદિલ મન્સૂરી, નવી પ્રયોગશીલ ગઝલના અગ્રણી છે. તેમણે ગુજરાતી ઉપરાંત ઉર્દૂમાં પણ ગઝલો લખી છે.

---

-પીટીસી, અમદાવાદ, સંસ્કૃતિ -(નવીન)

# Blood donation

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્ત પુરવઠાની ખેંચ વર્તાઈ રહી છે, ત્યારે "હેપી યુથ ક્લબ" દ્વારા બેંક ઓફ ઇન્ડિયાની ઝોનલ કચેરીના સહયોગથી આજે સવારે 8:30 થી બપોરના 12 દરમ્યાન ગાંધીનગરના સેક્ટર- 11 માં બીએસએનએલ નજીક સ્થિત અખબાર ભવનના કમિટી રૂમ ખાતે "હેપ્પી રક્તદાન શિબિર" નું આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતેથી બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવશે.

આ "હેપ્પી રક્તદાન શિબિર"માં એકત્રિત રક્ત જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે.

-----------------------------------------------------------------------

---ડીડી ન્યૂઝ . અનિલ આર પટેલ

-(નવીન)